# ગામનો ઉતાર !

–ડૉ. શરીફા વીજળીવાળા

ઘર માથે વીજળી ત્રાટકી હોય ને બધાં મડાં થઈ ગયાં હોય એવી સ્મશાન સમી શાન્તી હતી આખા ઘરમાં ! બાપુ ફળીયામાં માથે હાથ દઈને બેઠા હતા. આમ તો અમે ગામથી દુર આવળ, બાવળ, બોરડીના પાડોશમાં રહેનારા...પણ તોય જેમ જેમ ગામમાં ખબર પડતી ગઈ એમ એમ આઘે રે'નારા પણ આંગણામાં ઠલવાતા ગયા. આખું ગામ અમારા ઘરની હાલત જાણે. બાપુ છાપાં વેચવાની ટુંકી આવકમાંથી ઘરના બે છેડા માંડ ભેળા કરતા, ને પાછા અમને ભણાવતાયે ખરા. ૧૯૭૨નું એ વર્ષ... ચોથું પાસ કરીને હું પાંચમામાં ગઈ હતી. હું સોનગઢની નીશાળમાં દાખલ થઈ અને મોટી બહેને મૅટ્રીક પાસ કરી નીશાળ છોડી. એને સણોસરાની લોકભારતી સંસ્થામાં પી.ટી.સી.માં પ્રવેશ મળી ગયો હતો. લોકભારતીમાં છ મહીનાના પૈસા એક સાથે ભરવા પડતા. પાંચ–દસ જણાં પાસેથી ઉછીના–પાછીના કરી બાપુએ ફી તો ભરી દીધેલી. હવે બેત્રણ ખાદીની જોડ્ય ને નાની–મોટી ચીજવસતનો મેળ પાડીને બાપુ બહેનને મુકવા સણોસરા જાતા'તા.

બસમાં ચડીને ટીકીટ લેવા ગજવામાં હાથ નાખ્યો ઈ ભેળી એમની રાડ્ય ફાટી રહી : 'અરે, મારું ખીસ્સું કાપી ગ્યું કો'ક.' તાણીતુસીને, બે–પાંચ પાંહેથી ઉછીના લઈને બાપુએ માંડ ત્રણસો રુપીયા ભેળા કર્યા'તા. ખીસ્સું કાપનારો બસની ટીકીટ જેટલા પૈસા પણ નો'તો મેલતો ગયો. ઘરમાં માણસ મર્યા જેવું માતમ ફેલાઈ ગયું'તું. માએ તો બસ કુટવાનું જ બાકી રાખેલું, હાથ લાંબો કરી શકે એવાં હૈયાંવાળાંઓનાં ઘરની હાલત અમારા જેવી જ હતી. ઉઘાડો ઉઘાડાને શું રાખ ઢાંકે ? બધા ઉભા હતા ફળીયામાં, પુતળાની જેમ. કોણ બોલે ને શું બોલે ? રોંઢો થાતામાં તો હજારેકની વસ્તીવાળા આખા ગામમાં ખબર પડી ગઈ. અમને ભણાવવા માટે તુટી મરતાં મારાં માબાપના કારમા સંઘર્ષનું ગામ આખું સાક્ષી હતું. સૌનાં હૈયે સરખી જ અરેરાટી હતી. આમ જુઓ તો ત્રણસો રુપયડી જ ગઈ'તી ને એમ ગણો તો મોટી બહેનના ભણવાની દશ દેવાઈ જતી દેખાતી'તી. (ઈ નો ભણી હોત તો અમારામાંથી કોઈ ભણ્યું હોત કે કેમ એ તો ઉપરવાળો જ જાણે !)

સાંજ પડવા આવી ને ધીરે ધીરે આંગણામાંથી લોક વીખેરાવા માંડ્યું. બપોર તો આ હૈયાહોળીમાં વીતી ગયેલી; પણ રાત પડે પેટ કંઈક માગશે એવું જાણતી મા ચુલા બાજુ વળી. રુંઝ્યું વળવા ટાણું થઈ ગયું'તું. ઝડવઝડ દી' ર'યો'તો. મા આવગુણ્યમાંથી રાખ કાઢી અડાયાનો ઓબાળ ભરતી'તી ને અમારા ગામમાં સાઈકલ રીપૅરીંગનું કામ કરતા ઓસમાણ ભાઈએ ફળીયામાં પગ દીધો. આમ તો ઈ કાળા પરસેવાની કમાણી ખાનારો માણસ; પણ ક્યારેક

છાંટાપાણીની લત ને ગામના ઉતાર જેવા લોકો સાથે એનું ઉઠવું–બેસવું. એટલે ગામમાં કોઈ એની હાર્યે વેવાર નો રાખે.

અચાનક આ માણસને અમારા ફળીયામાં જોઈને નવાઈ તો બધાયને લાગી; પણ આજ આખા દી'માં ફળીયામાં કે દી' પગ નંઈ મેલનારા પણ ખરખરો કરી ગ્યેલા એટલે બાએ ફળીયામાં ખાટલો ઢાળીને બેહાડ્યા. (આમ પાછા ઓસમાણભાઈ બાનાં એક બહેનપણીના ભાઈ થા'તા એટલે બોલાવવું જરુરી થઈ પડે તો અમે 'મામા' કે'તાં પણ ખરાં !) ખાટલે બેસતાંવેંત લાગલું એણે પુછ્યું : 'ખીસ્સું બસમાં બેઠાં પેલાં કપાણું કે પશી ?' આમેય કોઈનામાં માથા ફોડવાની તાકાત રઈ નો'તી. બાપુએ કહ્યું, 'ભાઈ, મને કાંઈ સરત રઈ નથી કે ખીસ્સું ક્યારે કપાયું; પણ બસ નો'તી ઉપડી ન્યાં મને ખબર પડી એનો અરથ તો એ જ થયો ને કે બસ આવ્યા પેલાં જ કોઈ હાથચાલાકી કરી ગયું હશે ?'

ઓસમાણભાઈ કાંઈ બોલ્યા વગર જેવા આવ્યા હતા તેવા વયા ગ્યા. પાણી પણ નો પીધું. બાએ શાક–ખીચડી ને રોટલા કર્યાં ને બધાએ કટકબટક ખાધું. કોઈની આંખ્યુંમાં આજ નીંદર નો'તી. કુદરત સામે બથોડા ભરતા ભરતા બાપુ જાણે થાકી ગયા, ડુકી ગયા હોય એમ હામ હારી બેઠા'તા. 'ખુદા કરે એ સારા માટે જ કરે' એવો એમનો કાયમી તકીયાકલામ આજ હાથતાળી દઈ ગ્યો'તો. બીજો દી' એમ ને એમ ગયો. રાત્યે ફળીયામાં ખાટલા ઢાળી, બધાં નીંદરની ગોત્યે ચડ્યાં'તાં. ન્યાં ઝાંપો ખખડ્યો ને કુતરાં ભસ્યાં. અમે જંગલમાં રે'નારાં... જરાક ખખડાટ ભેળાં બધાં સડાપ દેતાંકને બેઠાં થઈ ગ્યાં. ફાનસની વાટ ચડાવીને જોયું તો ઓસમાણભાઈ...! 'આ ગામનો ઉતાર અટાણે કાં ગુડાણો ?' એવા બબડાટ સાથે મા ઉભી થઈ. ઓસમાણભાઈ ઢાળેલા ખાટલે બેઠા. બેસતાંની સાથે જ બાપુના હાથમાં રુપીયા ૨૮૫ મુકી દીધા. 'કાંઈ બોલતા નંઈ... પણ આ જાકુબીના ધંધા કરનારા હંધાયને હું પાક્કા ઓળખું. મને તમારી વાત પરથી ગેડ્ય બેહી ગ્યેલી કે કયો મોરલો કળા કરી ગ્યો હશે... થયો સીહોર (તાલુકો) ભેળો અને તમારું કામ થઈ ગ્યું. પણ ઈ માદરબખત આમાંથી પંદર રુપીયા વાપરી ગ્યો સે. તમે તો મારા ઘરની હાલત જાણો સો નકર હું આ દીકરીના નામે પંદર રુપયડી ઉમેરીને જ તમને પાછા વાળત; પણ...' ઓસમાણભાઈને ગળે ખખરી બાઝી ગઈ. કાલે ચા–પાણી વગર જતા રહેલા આ ભાઈ, આજે પણ આંખ લુંછતાંક ઉભા થઈને વયા ગ્યા... અમારા બધાની નીતરતી આંખ્યું જોવાની હામ કદાચ ઈ 'ગામના ઉતાર' જેવા આદમીમાં નો'તી !

## –ડૉ. શરીફા વીજળીવાળા

તાજેતરમાં જ પ્રકાશીત થયેલા લેખીકાના પુસ્તક **'સમ્બન્ધોનું આકાશ'** (કુલ પાન : 71+8; કીમ્મત રુપીયા 80; પ્રકાશક અને પ્રાપ્તીસ્થાન – 'સ્વમાન પ્રકાશન', આલ્ફા ભવન, 12– સુહાસનગર, સેલ્સ ઈન્ડીયાની પાછળ, ઑફ આશ્રમ રોડ, દીનેશ હૉલ રોડના છેડે, સંકલ્પ

રેસ્ટોરાંની સામેની ગલીમાં, અમદાવાદ-380 009. ફોન : +91 94276 06956 ઈ-મેઈલ : mdave.swaman@gmail.com )માંથી લેખીકાની પરવાનગીથી સાભાર..

સર્જક–સમ્પર્ક:

Dr. Sharifa Vijliwala,
(Head of Gujarati Department, M.T.B. Arts College, Surat 395001)
Resi. B-402, Vaikunth Park, B/H Bejanwala Complex, Cause-Way Road, Tadwadi,
Surat-395 009 eMail : skvijaliwala@yahoo.com

નીચેની લીંક પર ક્લીક કરશો તો ડૉ. શરીફાબહેનની તસ્વીર, એમનો પરીચય અને એમની બીજી બે મધુર રચના વાંચવા મળશે..

http://www.gujaratilexicon.com/magazine/sundayemahefil/

085. પરીશ્રમના ખેપીયા : મારા બાપુ....21-01-2007 પાન: 34
162. બાની વાતું................................29-03-2009 પાન: 18

♦●♦

'સન્ડે ઈ-મહેફીલ' - વર્ષ: સાતમું - અંક: 240 – March 25, 2012
'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

More than 1,29,00,000 Gujarati Language lovers have visited
**http://www.gujaratilexicon.com**

More than 11,35,000 have visited Digital Bhagwadgomandal
**http://www.bhagwadgomandal.com**

More than 2,50,000 have visited Lokkosh
**http://lokkosh.gujaratilexicon.com**

@@@@@@@@@